# હવે કોણ?




મિની શ્રીનિવાસન

ચિત્રો

પ્રિયા કુરિયન

eklavya


RAJDOO
MACHINE PARTS AND
MAY
Tinkle





ઉનાળાનું વૅકેશન છે.
અમીનાને કંટાળો આવે છે.
તેણે ઢીંગલી સાથે રમી લીધું.
રેલગાડી સાથે રમી લીધું.
ગલૂડિયા સાથેય રમી લીધું.
હવે એને કંટાળો આવે છે.






અચાનક અમીનાને જોરથી
એક વાજું સંભળાયું. તેણે
બારીમાંથી ડોકિયું કર્યું. શેરીના
વળાંકે તેને કોઈના મોટા કાળા
બૂટ દેખાયા. કોણ હશે?








STD ISD
BITTU SITA
SALIM
TEA POINT





આ તો બૅન્ડવાળો! અમીનાને બૅન્ડવાજાં બહુ ગમે. હવે કોણ આવશે?





વળી પાછો એક બૅન્ડવાળો! તેની પાસે
મોટો ઢોલ છે. ઢોલ જોર જોરથી વાગે છે.




અમીનાને ઢોલ બહુ ગમે. તે શેરીના વળાંક
તરફ નજર કરે છે. હવે કોણ આવશે?


SALIM
TEA POINT
سلیم
چائے
વસંત ફૂલ ભંડાર
PHONE : 011463429





બૅન્ડવાજાં જોર જોરથી વાગે છે.
બધાં બૅન્ડને જુએ છે.
હવે કોણ આવશે?






છોકરા-છોકરીઓ નાચે છે.
બૅન્ડવાજાં જોર જોરથી વાગે છે.
અમીના તાળી પાડે છે. પણ હવે કોણ આવશે?







ઘોડો! ધોળો મજાનો ઘોડો. ઘોડો ધીમે
ધીમે ચાલે છે. છોકરા-છોકરીઓ નાચે છે.
બૅન્ડવાજાં જોર જોરથી વાગે છે.
અરે! પણ વરરાજો ક્યાં?




रौनक
ELECTRICALS
SALIM
TEA POINT
વસંત ફૂલ ભંડાર
MUSKAAN
BOMBAY CHAAT




એ તો ઘોડા પર નથી. ઘોડો છોકરાંવની
પાછળ છે. છોકરાંવ બૅન્ડની પાછળ છે.
પણ વરરાજો ક્યાં છે?





એ તો હડી કાઢે છે. સાથે એની મા ભાગે છે.
સાથે એના પપ્પા, બેન અને ભાઈ ભાગે છે.
કાકા, કાકી ને ભાઈબંધ ભાગે છે.

વરરાજો ઘોડા પર ચઢી જાય છે. એ ખુશ થઈને હસે છે. બધાં તાળી પાડે છે.





રમણલાલ ચિમનલાલ
IIT-JEE, NEET
कोयल COACHING CENTRE
JEETU LODGE
STD ISD


RAJDOO
MACHINE PARTS AND
MAY
Tinkle

અમીના રાજી રાજી છે.
હવે એ કંટાળેલી નથી.





ઉનાળાનું સુસ્ત વૅકેશન. અમીના બધાં રમકડાં સાથે રમી રમીને કંટાળી. મજા પડે એવું કંઈ મળતું નથી. ત્યાં જ, અચાનક, એને સંભળાય કોઈ અવાજ...

## હવે કોણ? / HAVE KON?


વાર્તા: મિની શ્રીનિવાસન
ગુજરાતી ભાષાંતર: બંસી શર્મા
ચિત્રો: પ્રિયા કુરિયન
ડિઝાઇન: કનક શશી
પ્રકાશન: આર્ચ ટીમ (સંપાદન), મમતા શર્મા (ભાષાશુદ્ધિ), ઇન્દુ નાયર, ખીઝર મહોમ્મદ, કમલેશ યાદવ (ઉત્પાદન)

મૂળ એકલવ્ય દ્વારા હિન્દીમાં ‘अगला कौन?’ અને અંગ્રેજીમાં ‘Who’s Next?’ તરીકે પ્રકાશિત વાર્તાનું ગુજરાતી ભાષાંતર.



વાર્તા: મિની શ્રીનિવાસન, ફેબ્રુઆરી 2021
ગુજરાતી ભાષાંતર: એકલવ્ય, જૂન 2024

આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે. ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે, કોઈ પણ ફેરફાર કર્યા વગર ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે લેખક, ચિત્રકાર તથા પ્રકાશકનો ઉલ્લેખ કરવો જરૂરી છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે પ્રકાશક મારફતે લેખક તથા ચિત્રકારનો સંપર્ક કરવો.

ચિત્રો © પ્રિયા કુરિયન, ફેબ્રુઆરી 2021



પહેલું સંસ્કરણ: જૂન 2024 / 1000 પ્રત
કાગળ: 170 gsm આર્ટ કાર્ડ (કાગળ) અને 300 gsm આઈવરી શીટ (પુંઠું)
ISBN: 978-81-19771-35-6
કિંમત: ₹ 260.00

સહપ્રકાશક:

**એકલવ્ય ફાઉન્ડેશન** (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in | pitara@eklavya.in

**આર્ચ** (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
arch.dharampur@gmail.com

મુદ્રક: ભંડારી પ્રેસ, ભોપાલ




મિની શ્રીનિવાસન

મિની બાળકોને તેમની ઈમાનદારી અને મોજીલાપણા માટે ચાહે છે અને સરાહે છે. બાળકો માટે લખવું તેમને ખૂબ ગમે છે. તેમનાં પુસ્તકો સાહિત્ય અકાદમીના બાળ સાહિત્ય પુરસ્કાર સહિત અન્ય પુરસ્કારોથી સન્માનિત છે. તેઓ શિક્ષક અને શિક્ષક પ્રશિક્ષક રહી ચૂક્યાં છે અને હાલ ગ્રામ્ય શાળાઓમાં શિક્ષણ માટે કામ કરતી સંસ્થાઓ સાથે પરામર્શક તરીકે સંકળાયેલાં છે.



પ્રિયા કુરિયન

પ્રિયા કુરિયન બાળસાહિત્ય લેખક, ચિત્રકાર, કૉમિક-મેકર તથા ઍનિમેટર છે. NIDનાં સ્નાતક, પ્રિયાએ Sesame Street શૉ (ભારત) અને Children’s Film Society of India માટે શૈક્ષણિક ફિલ્મોનું નિર્દેશન કર્યું છે તથા વિભિન્ન પ્રકાશકો માટે બાળકો માટેનાં પુસ્તકોમાં ચિત્રાંકન કર્યું છે. તેમને વિવિધ વિઝ્યુઅલ સ્ટાઇલ સાથે પ્રયોગ કરવા ગમે છે અને જ્યાં-જ્યાં જાય ત્યાંના લોકોનાં વ્યંગ-ચિત્રો સ્કેચબુકમાં ઉતારવાનું પસંદ કરે છે!

બિગ બુક્સ શા માટે? કેવી રીતે વાપરવી? આ અંગે થોડી વાતો તથા બાળકો સાથે આ પુસ્તક કેવી કેવી રીતે વાપરી શકાય તેના માટે સ્કૅન કરો

eklavya

ARCH

કિંમત: ₹ 260.00

9 788119 771356